ટાસ્કમાં કમાવવાની લાલચમાં યુવકે 59 હજાર ગુમાવ્યા

સુરતઃ ટેલિગ્રામ પર ટાસ્ક આપીને કમાણી કરવાની લાલચ આપી સાયબર ઠગોએ પીપલોદના યુવક પાસેથી ૫૯ હજારની પડાવી લીધા હતા. પીપલોદ સ્થિત ભાગ્યલક્ષ્મી સોસાયટી, ઓમકાર બંગ્લોમાં રહેતા ૩૧ વર્ષીય સંજય જગમાલ સોલંકી ખાનગી કંપનીમાં નોકરી કરે છે. ગયા ડિસેમ્બર મહિનામાં તેમને ટેલિગ્રામ પર અજાણ્યા વ્યક્તિઓએ મેસેજ કરી રેસ્ટોરન્ટને પાંચ સ્ટાર રેટિંગ આપવાના ટાસ્ક ઓફર કર્યા હતા. બદલામાં તરત જ રૂપિયા ૧૫૦ આપવાની વાત કરતાં શરૂઆતમાં આ ઓફર સરળ લાગતા તેમણે ટાસ્ક સ્વીકાર્યો હતો. દરેક ટાસ્ક પૂરો કરવા માટે પહેલાં નિશ્ચિત રકમ જમા કરાવવાની શરત મુકાઈ હતી અને વધુ વળતર મળવાની ખાતરી આપવામાં આવી હતી. વિશ્વાસમાં આવી સંજયે 59 હજાર તબક્કાવાર ટ્રાન્સફર કર્યા હતા.પરંતુ અંતે કોઈપણ વળતર મળ્યું નહીં અને એકાઉન્ટ બંધ થઈ જતાં આખરે ફરિયાદ આપતા સાયબર ક્રાઈમ સેલ દ્વારા તપાસ હાથ ધરવામાં આવી છે.

પાસોદરામાં ૪૦ વર્ષની વૃદ્ધાએ ઝેર પીને આપઘાત કરી લીધો

સુરતઃ પાસોદરામાં ૪૦ વર્ષના વૃદ્ધાએ ગુસ્સામાં આવી ઝેર ગટગટાવી આપઘાત કરી લીધો હતો.
મૂળ જૂનાગઢના અને હાલ પાસોદરા ઓમ ટાઉનશીપમાં ૪૦ વર્ષીય ધીરુબેન મોહનભાઈ ત્રંબોડિયા નાના પુત્ર પ્રવીણ સાથે રહી નિવૃત્ત જીવન જીવતા હતા. તેમનો નાનો પુત્ર હીરાના કારખાનામાં કામ કરે છે. ધીરુબેન પતિના અવસાન બાદ માનસિક બીમાર તેમજ ગુસ્સાવાળા સ્વભાવમાં રહેતા હતા. આજે સવારે ધીરુબેને પુત્રનું ટિફિન બનાવ્યા બાદ ઘરમાં ઝેર પી લેતાં સારવાર માટે 108 એમ્બ્યુલસન્સમાં સ્મીમેર હોસ્પિટલમાં ખસેડાયા હતા. જ્યાં ટૂંકી સારવાર દરમિયાન તેમનું મોત નીપજ્યું હતું.

પરવટ પાટિયા ખાતે બસે અડફેટે લેતાં કેમિકલના વેપારીનું મોત

સુરતઃ પરવટ પાટિયા ખાતે બસચાલકે અડફેટે લેતાં મોપેડચાલક કેમિકલનાં વેપારીનું મોત નીપજ્યું હતું.
સ્મીમેર હોસ્પિટલથી મળેલી વિગત મુજબ, મૂળ રાજસ્થાનના ઉદયપુરના વતની અને કેમિકલનો વેપાર કરતાં 60 વર્ષીય ગજેન્દ્રકુમાર હકુમીચંદ જૈન હાલમાં પરવત પાટિયાની સોમનાથ ટાઉનશિપમાં બે સંતાન સહિતના પરિવાર સાથે રહેતા હતા. મંગળવાર સવારે ઘરની પાસે તે મોપેડ પર ઘરનો સામાન લેવા માટે નીકળ્યા હતા. તે સમયે પરવટ પાટિયા ચાર રસ્તા પાસે મધ્યપ્રદેશની એસટી બસના ચાલકે તેમની મોપેડને અડફેટે લેતાં ગંભીર ઈજા પહોંચી હતી. તેમને સ્મીમેરમાં લઈ જતાં ફરજ પરના ડોક્ટરે તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે પુણા પોલીસે વધુ કાર્યવાહી હાથ ધરી છે.

અમરોલીમાં આર્થિક સંકડામણમાં યુવકે ફાંસો ખાધો

સુરતઃ અમરોલીમાં આર્થિક સંકડામણમાં યુવકે ફાસો ખાઈને આપઘાત કરી લીધો હતો. મૂળ ઓરિસ્સાના વતની ચિત્રસેન સુભાષભાઈ પહિદા (ઉ.વ.45) હાલ અમરોલી અંજની ઇન્ડસ્ટ્રીયલમાં આવેલા સંસ્કાર રેસિડેન્સી આવાસમાં બે સંતાન સહિતના પરિવાર સાથે રહેતો હતો અને એમ્બ્રોડરી ખાતામાં નોકરી કરતો હતો. કાલે સાંજે ચિત્રસેને રૂમમાં ફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. ચિત્રસેને આર્થિક સંકડામણમાં આ પગલું ભર્યું હોવાની શક્યતા પોલીસે વ્યક્ત કરી હતી.

સુરતમાં મહાવીર જન્મકલ્યાણક ઉજવાયો

પરંપરાગત વસ્ત્રોમાં શોભાયાત્રાઓ નીકળી, જીવદયાના અનેક કાર્યક્રમો યોજાયા

● મહાવીર જન્મકલ્યાણ નિમિત્તે ગોપીપુરાના મહાવીર જૈન દેરાસરમાં આંગી

સુરતઃ જૈન ધર્મના ૨૪મા તીર્થંકર ભગવાન મહાવીર સ્વામીના ૨૬૨૫મા જન્મ કલ્યાણકની આજે સુરત શહેરમાં અભૂતપૂર્વ ઉત્સાહ અને ભક્તિમય માહોલમાં ઉજવણી કરવામાં આવી હતી. સુરતના વેસુ, અડાજણ, સિટીલાઈટ, કતારગામ અને વરાછા જેવા વિવિધ વિસ્તારોમાંઆ વર્ષે મહાવીર જયંતિ ની ઉજવણીમાં જૈન યુવકો અને યુવતીઓ નું વિશેષ આકર્ષણ જોવા મળ્યું હતું. પરંપરાગત વસ્ત્રોમાં સજ્જ થઈને યુવા પેઢીએ મોટી સંખ્યામાં પ્રભાતફેરી અને શોભાયાત્રામાં ભાગ લીધો હતો. જિનાલયો અને તેરાપંથ ભવનોમાં વહેલી સવારથી જ અભિષેક, પૂજન અને અંગરચનાના દર્શન કરવા માટે શ્રાવકોની લાંબી કતારો જોવા મળી હતી. યુવા ગ્રુપો દ્વારા ભગવાન મહાવીરના સંદેશા 'જીવો અને જીવવા દો'ના પ્લેકાર્ડ્સ સાથે લોકજાગૃતિ ફેલાવવામાં આવી હતી અનેક વિસ્તારોમાં જીવદયાના કાર્યો, પક્ષીઓને ચણ અને ગાયોને ઘાસચારો નાખવાના કાર્યક્રમો યોજાયા કરવામાં આવ્યું હતું. ઠેર-ઠેર છાસ અને શરબતની પરબો પણ શ્રદ્ધાળુઓ માટે શરૂ કરવામાં આવી હતી. સાંજના સમયે સુરતના વિવિધ વિસ્તારોમાં ભજન સંધ્યા અને મહાવીર સ્વામીના જીવન પર આધારિત નાટિકાઓનું આયોજન કરવામાં આવ્યું હતું.

અનેક સંઘો દ્વારા મોતીચૂરના લાડવા વહેંચાયા

મહાવીર જન્મકલ્યાણકના ઉપલક્ષમાં શ્રી સુમતિનાથ યુવક મંડળ તેમજ મકનજી પાર્ક જૈન સંઘ દ્વારા સુરતમાં ચોક, કતારગામ, અડાજણ સહિતના વિસ્તારોમાં મોતીચૂરના લાડુનું વિતરણ કરવામાં આવ્યું હતું. જેમાં સભ્યો જિતેન્દ્ર કોઠારી, ભરત બારમેચા, શૈલેષ જૈન, રાજુ જૈન, વિમલેશ જૈન, રાકેશ બારમેચા, રાજુ બારમેચા, અપુ બારમેચા, સંદીપ શાહ, અલ્પેશ શાહ, દિલીપ દોશી સહિત સંઘના પદાધિકારીઓ હાજર રહ્યા હતા.

એક લાખ શુદ્ધ ઘીના લાડુનું વિતરણ કરવામાં આવ્યું

સુરત : જૈન ધર્મના 24 માં તીર્થંકર ભગવાન મહાવીર સ્વામીના 2625 માં જન્મ કલ્યાણક મહોત્સવની શહેરમાં જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક યુવક મહાસંઘ દ્વારા ઉજવણી કરવામાં આવી હતી. રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ નીરવ શાહના માર્ગદર્શન હેઠળ દરેક મંડપ પર 400 થી 500 જેટલા જૈન યુવક-યુવતીઓ અને બાળકોએ સેવા આપી હતી, જેમાં રસ્તે પસાર થતા રાહદારીઓ, રિક્ષા ચાલકો અને વાહન ચાલકોનું 'જય મહાવીર'ના નાદ સાથે મોઢું મીઠું કરાવી ભગવાનનો પ્રસાદ વહેંચવામાં આવ્યો હતો. આ ભવ્ય આયોજનમાં શહેરના પોલીસ અધિકારીઓ, રાજકીય અગ્રણીઓ અને સામાજિક આગેવાનોએ વિશેષ હાજરી આપી હતી.

500 ચો.ફૂટના મકાનમાં 18 રહેતા હતા, પાંચ સિવાય અન્યોનો બચાવ

ફાયર આવે તે પહેલા સ્થાનિકોએ બચાવ કામગીરી શરૂ કરી દીધી હતી

સુરતઃ જ્યાં આગ અને પાંચના મોતની ઘટના બની તે 12 X40નું મકાન છે, ત્રણ-ચાર માળનું છે પણ એમાં 18 લોકો રહેતા હતા, બાકીના સ્વસ્થ છે, પણ ચાર-પાંચ જણાને નીકળવાનો મોકો ન મળ્યો, ગૂંગળામણથી એ લોકો મૃત્યુ પામ્યા હતાં. અન્ય એક યુવકે જણાવ્યું હતું કે, અંદર પૂરેપૂરી આગ લાગેલી હતી, અંદર જવાની કોઈ તક નહોતી. નહીંતર અમે અંદર પહોંચી જ ગયા હોત, પણ ઓક્સિજનના અભાવે અને ધુમાડાને કારણે અંદર જઈ શકાય તેમ નહોતું. અંદરથી 5થી 6 લોકોને બહાર કાઢવામાં આવ્યા છે. તેઓની હાલત ખૂબ જ ગંભીર હતી. જેમ પેટ્રોલની વરાળ નીકળે તેમ અંદર ગરમી અને ધુમાડો હતો, જેનાથી આ આગ લાગી હતી. નજરે જોનાર રેહાન શેખે જણાવ્યું હતું કે, ફોર્મ અને સાડીઓના કારણે ખૂબ જ ભયાનક આગ લાગી હતી. અહીંના મહોલ્લાના અમે બધા જ છોકરાઓએ ભેગા મળી ફાયર બ્રિગેડ આવે તે પહેલા જ આગ ઓલવવાનું કામ શરૂ કરી દીધું હતું. ખૂબ વરાળ અને ધુમાડાને કારણે અમે અંદર પ્રવેશી શકતા ન હતા. અમે અંદર કશું જ જોઈ શક્યા નહીં, એટલી ગંભીર આગ લાગેલી હતી.

પૂર્વ મેયર દક્ષેશ માવાણી દોડી આવ્યા: કામ કરવા માટે જરૂરી જથ્થો જ ઘરમાં રાખવા આદેશ

પૂર્વ મેયર દક્ષેશ માવાણીએ જણાવ્યું હતું કે, આ વિસ્તારમાં હમણાં જ મહાનગરપાલિકા અને પોલીસ કમિશનરને મેં કીધું છે. ઘરકામ કરતી બહેનો ઘરે કામ લાવે છે. તમારે જેટલું કામ મળે એટલું લાવો, સ્ટોક નહીં કરો. 10 ટન જેટલી સાડી એટલે ઘરમાં ચાલવાનો પણ રસ્તો નહોતો રાખ્યો. હમણાં મારી સુરત મહાનગરપાલિકાની ટીમ અને પોલીસની ટીમ આ વિસ્તારમાં એનાઉન્સ કરી દેશે, જે કોઈ ઘરમાં આવો મોટો જથ્થો મળશે તો સાંજ સુધીમાં તમે ખાલી કરી નાંખો, જો તમે ખાલી નહીં કરો તો અમે બીજા દિવસે સીલ મારી દેશું.

ઘટનાની 15 મિનિટ પહેલા જ માતા 4 વર્ષના બાળકને લઈને આવી હતી

રમઝાન અબ્દુલકલામ અંસારી (ઉ.વ.33) સવારે તેના મોટા ભાઈ સાથે કાપડ માર્કેટમાં નોકરી પર જવા માટે નીકળી ગયો હતો. ત્યારબાદ તેની મૃતક પત્ની શબીના તેના ચાર વર્ષના શબહાન નામના પુત્રને લઇને તેના મોટાભાઈ ઇસ્માઇલના ઘરે આવી હતી. તેના 15 મિનિટમાં જ આગની ઘટના બની ગઈ હતી. શબીના આવી ત્યારે તેના 5 મહિનાના અદનાન નામના પુત્રને પડોશીએ રમાડવા માટે લીધો હતો તેમજ તેનો અન્ય 5 વર્ષનો પુત્ર આયન ઘરની બહાર રમતો હોવાથી તે બંનેનો ચમત્કારી બચાવ થયો હતો.

બેઠી કોલોનીની ગીચ ગલીઓના કારણે ફાયરની ટીમો હાલાકીમાં મુકાઈ

શહેરના સૌથી ગીચ વિસ્તારોમાં સમાવિષ્ટ બેઠી કોલોનીમાં આગની ઘટના અંગે જાણકારી મળતાં જ માન દરવાજા અને ડુંભાલ ફાયર સ્ટેશનનો કાફલો ઘટના સ્થળે ઘસી ગયો હતો. અલબત્ત, બેઠી કોલોની વિસ્તારમાં સવારનાં સુમારે ભારે ટ્રાફિક અને સાંકડી ગલીઓને કારણે ફાયર વિભાગને ઘટના સ્થળે સુધી પહોંચવામાં ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. ફાયરના વાહનો માંડ માંડ પ્રવેશી શક્યા હતા. સાથે સાથે તેને કારણે રેસ્ક્યુ પણ કરવાની કામગીરી કરાઈ હતી. જો કે, એમાં ઘણું મોડું થઈ જતાં 5નાં મોત નીપજ્યાં હતાં.

આગ મોટું સ્વરૂપ ધારણ કરવાનું કારણ પેકિંગ મટિરિયલ્સ અને કેમિકલ

ફાયર બ્રિગેડે આગ કાબૂમાં લીધી અને જ્યારે ધુમાડો કંટ્રોલમાં થોડો આવ્યો ત્યારે જોયું કે આખું ફોર્મ (પેકિંગ માટે વપરાતું મટિરિયલ)થી આગળનો રૂમ અને બધું પેક થયેલું હતું. સ્વીચ બોર્ડની આગળ પણ બધાં ફોર્મ મૂકેલાં હતાં. આ ફોર્મ એવાં છે કે જે સાડીને ફોલ્ડ કરીને પેકિંગ વખતે જે યૂઝ થાય છે, એમાં કેમિકલ્સ પણ હોય છે. એટલે ફાયર બ્રિગેડ સાથે જ્યારે પ્રાઈમરી ડિસ્કશન થયું ત્યારે અત્યારે અમને એવું લાગી રહ્યું છે કે કદાચ એ ફોર્મ જે કેમિકલયુક્ત છે, એ આગ પકડતાં કદાચ સ્વીચ બોર્ડની આગળ જે લોકોએ આ ફોર્મ મૂકેલાં હતાં વ્હાઈટ કલરના, એમાં ઇલેક્ટ્રિક તણખા ઝર્યા હશે અને એ જે ફોર્મ છે એ તરત આગ પકડતાં ધુમાડામાં જ કન્વર્ટ થાય છે. એ ધુમાડા, ગૂંગળામણના કારણે થઈ અને મહિલાઓ, યુવતી અને એક બાળક બેભાન થઇ ગયાં હતાં.

ચૂંટણીની તૈયારી, ભાજપ આજથી વોર્ડ વાઈઝ દાવેદારોને સાંભળશે

મનપાના 30 વોર્ડના ટિકિટ વાચ્છુકોમાં ઉત્સુક્તા અને ઉચાટ વચ્ચે ત્રણ દિવસ સુધી નિરીક્ષકોના સુરતમાં ધામા

સુરત : સ્થાનિક સ્વરાજ્યની આવનારી ચૂંટણીને ધ્યાનમાં રાખીને રાજકીય ગતિવિધિઓ તેજ બની છે. સુરત મહાનગર પાલિકાની ચૂંટણી લડવા ઈચ્છુક દાવેદારોને સાંભળવા માટે ભાજપના નિરીક્ષકો આજથી ત્રણ દિવસ માટે સુરત આવી રહ્યા છે.

માહિતી મુજબ, ભાજપ દ્વારા ચાર ટીમો બનાવીને શહેરના કુલ 30 વોર્ડના દાવેદારોને અલગ અલગ ઓફિસોમાં સાંભળવામાં આવશે. ઉધના મેઈન રોડ પર આવેલા ભાજપ કાર્યાલય ખાતે સવારના 10 વાગ્યાથી આ પ્રક્રિયા શરૂ થશે. પ્રથમ દિવસે 12 વોર્ડના દાવેદારોને રજૂઆત કરવાની તક આપવામાં આવશે, જ્યારે 2 અને 3 એપ્રિલે બાકીના વોર્ડના દાવેદારોને સાંભળવામાં આવશે.

આજના કાર્યક્રમ મુજબ સવારના સત્રમાં વોર્ડ નં. 1 (જહાંગીરપુરા-વરીયાવ-છાપરાભાઠા-કોસાડ), વોર્ડ નં. 4 (કાપોદ્રા), વોર્ડ નં. 7 (કતારગામ-વેડ) અને વોર્ડ નં. 10 (અડાજણ-પાલ-ઈચ્છાપોર)ના દાવેદારોને સાંભળવામાં આવશે. બપોરે 2 વાગ્યે વોર્ડ નં. 2 (અમરોલી-મોટાવરાછા-કઠોર), વોર્ડ નં. 5 (ફુલપાડા-અશ્વિનીકુમાર), વોર્ડ નં. 8 (ડભોલી-સિંગણપોર) અને અડાજણ-ગોરાટ વિસ્તારના દાવેદારોની રજૂઆત લેવામાં આવશે. સાંજે 5 વાગ્યે વોર્ડ નં. 3, 6, 9 અને 12ના દાવેદારોને નિરીક્ષકો સામે પોતાની દાવેદારી રજૂ કરવાની તક મળશે. દાવેદારોને ફોર્મ વિતરણ સાથે જાતિ પ્રમાણપત્ર અને મતદાર યાદીના પેજની નકલ સાથે લાવવાની સૂચના આપવામાં આવી છે.

સરથાણા નેચર પાર્કની એક જ વર્ષમાં 9.50 લાખ દ્વારા મુલાકાત

સુરતઃ સુરત મહાનગરપાલિકા સંચાલિત સરથાણા નેચરપાર્ક આજે માત્ર સુરતીઓ માટે જ નહીં, પરંતુ સમગ્ર દક્ષિણ ગુજરાતના પ્રવાસીઓ માટે આકર્ષણનું કેન્દ્ર બની ગયું છે. છેલ્લા એક વર્ષના એટલે કે 01 એપ્રિલ 2025થી 31 માર્ચ 2026 સુધીના સત્તાવાર આંકડાઓ પર નજર કરીએ તો, આ સમયગાળા દરમિયાન કુલ 9,50,033 મુલાકાતીઓએ નેચરપાર્કની મુલાકાત લીધી છે. આ આંકડો સાબિત કરે છે કે લોકોમાં વન્યજીવો અને પ્રકૃતિ પ્રત્યેનો લગાવ સતત વધી રહ્યો છે. પ્રવાસીઓની આ ભીડને કારણે સુરત મનપાની આવકમાં પણ મસમોટો ઉછાળો જોવા મળ્યો છે. ગત નાણાકીય વર્ષ દરમિયાન નેચરપાર્કને કુલ 2.57 કરોડની માતબર આવક પ્રાપ્ત થઈ છે. વેકેશન અને જાહેર રજાઓના દિવસોમાં અહીં પ્રવાસીઓનો ઘોડાપૂર ઉમટી પડે છે, જેને ધ્યાનમાં રાખીને તંત્ર દ્વારા વન્યજીવોનું આકર્ષણ જળવાઈ રહે તે માટે સતત પ્રયાસો કરવામાં આવે છે. તાજેતરમાં જ નેચરપાર્કમાં વિવિધ પ્રજાતિના નવા પ્રાણીઓ અને પક્ષીઓ લાવવામાં આવ્યા છે, જેના કારણે બાળકોથી લઈને મોટેરાઓ સુધીના તમામ વર્ગમાં ઉત્સાહ જોવા મળે છે. ખાસ કરીને વન્યજીવ પ્રેમીઓ માટે નવા એનિમલ એક્સચેન્જ પ્રોગ્રામ હેઠળ લાવવામાં આવેલા સિંહ, વાઘ અને અન્ય વિદેશી પક્ષીઓ આકર્ષણનું કેન્દ્ર બન્યા છે. પ્રવાસીઓની સુરક્ષા અને સુવિધા માટે સીસીટીવી કેમેરા, પીવાના પાણીની વ્યવસ્થા અને ગ્રીનરીમાં પણ સતત વધારો કરવામાં આવી રહ્યો છે. મનપાના અધિકારીઓના જણાવ્યા અનુસાર, આગામી સમયમાં નેચરપાર્કને વધુ આધુનિક બનાવવા અને લુપ્ત થતી પ્રજાતિઓના સંવર્ધન માટે નવા પ્રોજેક્ટ્સ હાથ ધરવામાં આવશે, જેથી મુલાકાતીઓની સંખ્યા આગામી વર્ષોમાં નવા વિક્રમો સ્થાપિત કરે તેવી પૂરી શક્યતા છે.

ભાજપ વિરુદ્ધ પોસ્ટરમાં પોલીસે ગુના નોંધ્યા

શહેરની આબરૂના ધજાગરા ઉડાડનારાં અજ્ઞાત તત્ત્વો સામે ૪ પોલીસ મથકોમાં ગુના દાખલ

કતારગામથી ડિંડોલી સુધી રાતોરાત લાગેલાં પોસ્ટર્સે નેતાઓની ઊંઘ હરામ કરી

સુરતઃ સુરત મહાનગરપાલિકાની આગામી ચૂંટણીના પડઘમ વાગવા માંડ્યા છે. ત્યારે કતારગામ, પુણા, પાંડેસરા અને ડિંડોલી જેવા સંવેદનશીલ વિસ્તારોમાં સરકારી મિલકતો, ઓવરબ્રિજની દીવાલો અને વીજપોલ પર ભાજપ વિરોધી લખાણો ધરાવતાં પોસ્ટર્સ ચીપકાવી દેવામાં આવ્યાં હતાં. કતારગામ, પુણા, પાંડેસરા અને ડિંડોલી પોલીસ મથકમાં આ મામલે સત્તાવાર ફરિયાદો નોંધવામાં આવી છે. પોલીસે આ મામલે ખોટા દસ્તાવેજો બનાવી તેનો ઉપયોગ કરવા સહિતની ગંભીર કલમો હેઠળ ગુનો દાખલ કર્યો છે. શાસક પક્ષ વિરુદ્ધના આ આક્રમક 'પોસ્ટર વોર' પાછળ કયા રાજકીય પક્ષનો હાથ છે કે પછી જનતાનો રોષ છે, તે દિશામાં પોલીસે સીસીટીવી ફૂટેજ તપાસવાની કામગીરી શરૂ કરી છે.

કાપોદ્રાના શખ્સ સહિત ૪ સામે ગુનો

પુણા વિસ્તારમાં ભાજપની પ્રતિષ્ઠાને મલીન કરવાના ઈરાદે બેનામી પોસ્ટર્સ લગાવવાનું પ્રકરણ પોલીસ મથકે પહોંચ્યું છે. કાપોદ્રા મરઘા કેન્દ્ર પાસે સત્યનારાયણ સોસાયટીમાં રહેતા ધર્મેન્દ્રભાઈ જગદીશભાઈ કાકડિયાએ આ મામલે ફરિયાદ નોંધાવી છે, જેમાં નીલકંઠ સોસાયટીના વિશાલ ભીખાભાઈ ચાવડા અને અન્ય ત્રણ અજાણ્યા ઈસમોએ મેળાપીપણું કરી, પ્રેસ કે પ્રકાશકના નામ વગરના બનાવટી પોસ્ટર્સ છપાવ્યાં હતાં. આ ટોળકીએ સીતાનગર ઓવરબ્રિજના થાંભલા, જાહેર સર્કલો અને પુણાગામના વિવિધ વિસ્તારોમાં પોસ્ટરો ચીપકાવી પક્ષને નુકસાન પહોંચાડવાનો પ્રયાસ કર્યો છે. પુણા પોલીસે રાજકીય કિન્નાખોરીના આ મામલે ગુનો નોંધી તપાસ તેજ કરી છે.

પાંડેસરામાં કારમાં આવેલા પાંચે ઉત્પાત મચાવ્યો

પાંડેસરા વિસ્તારમાં રાત્રિના અંધકારમાં ભાજપ વિરુદ્ધ વાતાવરણ ઊભું કરવા નીકળેલી ટોળકી સામે સ્થાનિક કોર્પોરેટરે મોરચો માંડ્યો છે. અંબિકાનગર સોસાયટીમાં રહેતા કોર્પોરેટર શરદભાઈ નામદેવભાઈ પાટીલે નોંધાવેલી ફરિયાદ મુજબ એક સફેદ રંગની કારમાં આવેલા પાંચ અજાણ્યા ઈસમોએ પત્રકાર સર્કલ અને પાલિકા સંચાલિત શૌચાલયો પર બનાવટી પોસ્ટર્સ લગાવ્યાં હતાં. આ પોસ્ટર્સમાં છાપનાર પ્રેસ કે સરનામાનો કોઈ ઉલ્લેખ કરાયો નહોતો. ખોટી હકીકતો દર્શાવી ભાજપની પ્રતિષ્ઠાને હાનિ પહોંચાડવાના હેતુથી કરાયેલા આ કૃત્ય બાદ પાંડેસરા પોલીસે ગુનો નોંધી સીસીટીવી ફૂટેજ દ્વારા સફેદ કાર અને આરોપીઓનો પત્તો મેળવવા તજવીજ હાથ ધરી છે.

ડિંડોલીમાં 'કમળ' પર ચોકડીના પોસ્ટરમાં FIR

ડિંડોલીમાં મોંઘવારી અને શિક્ષણના મુદ્દે ભાજપને નિશાન બનાવી પોસ્ટર્સ લગાવનાર અજાણ્યા ઈસમો સામે પોલીસ ફરિયાદ નોંધાઈ છે. સી.આર.પાટીલ રોડ પર શિવનગર સોસાયટીમાં રહેતા શામલાલ સહદેવ યાદવે ડિંડોલી પોલીસ મથકે ફરિયાદ કરી છે. જેમાં જણાવાયું છે કે, કેટલાક અજાણ્યા શખ્સોએ 'મોંઘા શિક્ષણથી હવે તો થાક્યા' અને 'મોંઘવારીથી હવે તો થાક્યા' જેવાં લખાણો લખી નીચે ભાજપના નિશાન કમળ પર લાલ ચોકડી મારી પક્ષને બદનામ કર્યો છે. આ પોસ્ટરોમાં કોઈ પ્રેસનું નામ ન હોવાથી ડિંડોલી પોલીસે કાયદાકીય કલમો હેઠળ ગુનો નોંધીને શાસક પક્ષ વિરુદ્ધના આ સુનિયોજિત પ્રચાર પાછળ કોણ છે તેની તપાસ આદરી છે.

કતારગામમાં પણ 'પોસ્ટર કાંડ': દેવશી ઠેબરિયા અને ચિરાગ નાવડિયા વિરુદ્ધ ફરિયાદ

કતારગામ વિસ્તારમાં પક્ષવિરોધી પોસ્ટર્સ લગાવી લોકમાનસમાં ખોટી છબી ઊભી કરનારાં તત્ત્વો સામે ખાખી આકરી બની છે. નારાયણનગર સોસાયટીના રહીશ જગદીશભાઈ ગગજીભાઈ ગોહિલે કતારગામ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા જણાવ્યું કે, દેવશીભાઈ પોપટભાઈ ઠેબરિયા, ચિરાગ નાવડિયા અને અન્ય ત્રણ શખ્સે સુનિયોજિત કાવતરું ઘડ્યું હતું. આ શખ્સોએ ડભોલી ચાર રસ્તા, લલિતા ચોકડી, આંબા તલાવડી પાટીદાર સમાજની વાડીની દીવાલો અને રાશિ સર્કલ પર વીજ પેટીઓ પર ભાજપની છબી ખરડતાં બનાવટી પોસ્ટર્સ ચોંટાડ્યાં હતાં. પોલીસે જગદીશભાઈની ફરિયાદને આધારે ગુનો દાખલ કરી આરોપીઓની શોધખોળ શરૂ કરી છે.

સહરા દરવાજાના ગરનાળાનું રિપેરિંગ કામ ચાલુ હોવાથી વૈકલ્પિક વ્યવસ્થા કરાઈ

સુરત : ટ્રાફિક શાખાના નાયબ પોલીસ કમિશનર પન્ના મોમૈયાના જણાવ્યા મુજબ સહારાથી સ્મીમેર હોસ્પિટલ તરફ જતું ગરનાળું રિપેરિંગના કારણે બંધ રહેવાનું હોવાથી તે બ્રિજની નીચે ફાલસાવાડી ખાતે કટ આપવામાં આવ્યો છે એટલે કે રસ્તો બનાવવામાં આવ્યો છે. અઠવાગેટ તરફથી વાહન લઈ બોમ્બે માર્કેટ, સરદાર માર્કેટ કે પરવત પાટિયા તરફ જનારા વાહનચાલકો આ જગ્યાએથી યુ ટર્ન મારી બોમ્બે માર્કેટ તરફ જતા ફ્લાય ઓવરબ્રિજ પરથી પસાર થઈ શકશે. પરિણામે ટ્રાફિકની સમસ્યામાંથી લોકોને મુક્તિ મળશે. મદદનીશ પોલીસ કમિશનર વી.પી. ગામીત અને તેમની ટીમ આ વૈકલ્પિક વ્યવસ્થાનો લાભ લોકો લઈ શકે તે માટે પુરતી તકેદારી રાખી રહ્યા છે.

કરોડોના વેપારી ચેમ્બરની ચૂંટણીમાં સરખું ફોર્મ પણ ભરી શક્યા નહીં!

૪ લાઇફ મેમ્બરના 1 ગોલ્ડ અને 1 ચીફ પેટ્રન ઉમેદવારના ફોર્મ રદ થયા

સુરત : ચેમ્બરની મેનેજિંગ કમિટીની ચૂંટણી માટે ઉમેદવારી નોંધાવનાર સિનિયર સભ્યો ઉમેદવારી પત્રોમાં ઉતાવળે પોતાની સહી કરવાની ભૂલી જતા ચેમ્બરની ચૂંટણી કમિટીએ નિયમ મુજબ તેઓના ફોર્મ રદ કરી દીધા છે.

ચીફ પેટ્રન બેઠક માટે ફોસ્ટાના માજી પ્રમુખ અને ચેમ્બરમાં મેનેજિંગ કમિટીના સિનિયર મેમ્બર દેવકીશન મંધાની પોતાના ઉમેદવારી ફોર્મમાં સહી કરવાનું ભૂલી જતા તેઓનું ફોર્મ રદ થઈ ગયું છે. નવાઈની વાત એ છે કે, આ કેટેગરીની 10 બેઠકો માટે 10 ઉમેદવાર હતા. પણ એક ફોર્મ રદ થતા એક બેઠક ખાલી રહેશે. એ બેઠક નવનિયુક્ત પ્રમુખ ચૂંટણી પછી કો ઓપ્ટ કરી ભરી શકશે. મંધાનીની જેમ લાઇફ મેમ્બર કેટેગરીમાં પ્રતિક પી. નાણાવટી, રોહિત જે. ગજેરા અને સ્નેહા બી. જરીવાળા પણ પોતાના હસ્તાક્ષર કરવાનું ભૂલી જતા તેઓનું ફોર્મ રદ જાહેર કરવામાં આવશે. હિતેશ એમ.દિવાસળીવાલાના મામલામાં ઉમેદવાર અને ટેકો આપનારના હસ્તાક્ષર મિસ મેચ થતા તેઓનું ફોર્મ રદ થયું છે. ડૉ. બંદના ભટ્ટાચાર્ય સિનિયર મેમ્બર કેટેગરીમાં શિફ્ટ થતા તેઓનું ફોર્મ રદ થયું છે. ગોલ્ડ કેટેગરીમાં મનીષ એસ.શાહ, લાઇફ મેમ્બર કેટેગરીમાં દર્શન એસ.મરજાદી, હેતલ કે. કાપડિયા, પ્રગ્નેશ જી.દેસાઈ ચૂંટણીના નિયમ પ્રમાણે ફોર્મ ભરવા પાત્ર ન હોવાથી તેઓના ફોર્મ પણ રદ થયા છે. ઇલેક્શન કમિટીના ચેરમેન વિજય મેવાવાલાના અધ્યક્ષ સાથે ગઈકાલે ફોર્મ ચકાસણી કરવામાં આવી હતી. જેમાં 10 ફોર્મ રદ કરવામાં આવ્યા હતા. લાઇફ મેમ્બર કેટેગરીમાં ૪, ચીફ પેટ્રન અને ગોલ્ડ કેટેગરીમાં એક/એક ફોર્મ રદ થયાં છે.

વિઝા પરમીટ અપાવવાના બહાને 13 લોકો સાથે 2 કરોડની છેતરપિંડી કરનારો પકડાયો

સુરત : વિઝા પરમીટના નામે લોકોને છેતરનારા ગઠિયાને પાલ પોલીસની ટીમે પકડી પાડ્યો છે. જેણે 13 લોકો સાથે 2.13 કરોડની છતરપિંડી કરી હોવાનું સ્પષ્ટ થયું છે.

પાલ પોલીસની ટીમે બાતમીના આધારે વરુણ રાજુ પરમાર (ઉ.વ.31, રહે 202, ગ્રીનરેસિડેન્સી, ગંગેશ્વર મહાદેવના મંદિરની બાજુમાં, અડાજણ)ને પકડી પાડ્યો હતો. જેણે 13 લોકો પાસેથી વિઝા પરમીટના નામે રૂપિયા 2.13 લાખ ખંખેરી લીધા બાદ નક્કી કરેલા સ્થળે ન પહોંચાડી છેતરપિંડી કરી હતી. જેની પાસેથી રૂપિયા 30 હજારની કિંમતનો મોબાઈલ પોલીસે જપ્ત કર્યો હતો. પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

બૅંક ઑફ બડૌદા Bank of Baroda

ભેસ્તાન શાખા : દુકાન નં.૧ થી ૩, સાંઈ સ્કવેર બિલ્ડીંગ, ઉધના નવસારી રોડ, ભેસ્તાન, સુરત –૩૯૫૦૨૩ ફોન નં.– ૦૨૬૧– ૨૮૯૦૧૩૮
Email : dbbhes@bankofbaroda.com

કબજા નોટીસ(સ્થાયી મિલકત માટે)[સીક્યુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨]ના[રૂલ ૮(૧) હેઠળ]

નીચે સહી કરનાર **બૅંક ઓફ બરોડા**ના અધિકૃત અધિકારીએ સિકયુરાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિકયુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ (૨૦૦૨ ના ૫૪) અને તેમને મળેલ આ ધારાની કલમ ૧૩(૧૨) સિકયુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ ના રૂલ ૩ સાથે વચાંણે લઈ હેઠળ તેમને મળેલ સત્તા દ્વારા **તા.૧૫.૧૨.૨૦૨૫** ના રોજ ડિમાન્ડ નોટીસ બજાવીને દેવાદાર/જામીનદાર **શ્રી અમોલ સંતોષ ઘોરપડે (દેવાદાર અને ગીરવ